www.bhujmandir.org



www. bhujmandir.org

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

Date :- 1-5-2008
સંવત્ ૨૦૬૪

પ્રસિધ્ધ કર્તા :-
સ.ગુ. મહંત પુરાણી સ્વામી
ધર્મનંદન દાસજી
શ્રી સ્વામિનારાયણ
મંદિર ભુજ - કચ્છ

# પ્રશ્નાવલી

## સત્સંગ બાળજ્ઞાન પ્રકાશિકા

-: કંપોઝ સેટીંગ :-
પી.પી.સ્વામી
શ્રીસ્વામિનારાયણ
મંદિર ભુજ - કચ્છ.

**પ્ર. ૧ આપણા ઇષ્ટદેવ કોણ છે ?**

જ. આપણા ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાન છે.

**પ્ર. ૨ શ્રી સ્વામિનારાયણ સત્સંગ બાળ-યુવક મંડળનો મુખ્ય હેતુ શું છે ?**

જ. શ્રી સ્વામિનારાયણ સત્સંગ બાળ-યુવક મંડળનો ભગવાન, આચાર્ય, સંત, માતાપિતાની સેવા કરવી તથા ઉદ્ધવસંપ્રદાયનું રક્ષણ કરવું તેમજ પોષણ કરવું એજ મુખ્ય હેતુ છે.

**પ્ર. ૩ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો જન્મ કયા દેશમાં અને કયા ગામમાં થયો હતો. ?**

જ. શ્રીસ્વામિનારાયણ ભગવાનનો જન્મ હિન્દુસ્તાનમાં ઉત્તર કૌશલ દેશ, અયોધ્યા પાસે છપૈયા ગામમાં થયો હતો.

**પ્ર. ૪ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો જન્મ કઇ સાલમાં થયો હતો ?**

જ. શ્રીસ્વામિનારાયણ ભગવાનનો જન્મ સંવત્ ૧૮૩૭ના ચૈત્રસુદ ૯ ને દિવસે રાત્રે દશઘડી પછી થયો હતો. (ઈ.સ. ૧૭૮૧ ના ૨ એપ્રિલ સોમવાર)

**પ્ર. ૫ ધર્મદેવનો જન્મ કઇ સાલમાં થયો હતો ?**

જ. ધર્મદેવનો જન્મ સંવત્ ૧૭૯૬ના કાર્તિક સુદ એકાદશીને દિવસે મધ્યાહ્ને થયો હતો.

**પ્ર. ૬ ભક્તિમાતાનો જન્મ કઇ સાલમાં થયો હતો ?**

જ. ભક્તિમાતાનો જન્મ ૧૭૯૮ના કાર્તિક સુદ પુનમને દિવસે સાંજે થયો હતો.

**પ્ર. ૭ શ્રીસ્વામિનારાયણ ભગવાનના માતાપિતાનાં નામ શું હતાં?**

જ. શ્રીસ્વામિનારાયણ ભગવાનના માતાનું મૂળ નામ બાળા તથા પિતાનું મૂળ નામ દેવશર્મા હતું. અત્યારે ધર્મદેવ અને ભક્તિમાતા ના નામથી ઓળખાય છે.

**પ્ર. ૮ શ્રીસ્વામિનારાયણ ભગવાનના કેટલા ભાઇ હતા ? અને તેનાં નામ શું હતાં ?**

જ. શ્રીસ્વામિનારાયણ ભગવાનના બે ભાઈ હતા. મોટાભાઈનું નામ રામપ્રતાપભાઈ અને નાના ભાઈનું નામ ઈચ્છારામ ભાઈ હતું.

**પ્ર. ૯ આપણો સંપ્રદાય કયો છે ? એના સ્થાપક અને પ્રવર્તક કોણ હતા ?**

જ. આપણો સંપ્રદાય "ઉદ્ધવ સંપ્રદાય" છે. એના સ્થાપક શ્રી રામાનંદ સ્વામી જે ઉદ્ધવજીનો અવતાર હતા તે છે. અને તેના પ્રવર્તક શ્રી સ્વામિનારાયણ ભગવાન છે.

**પ્ર. ૧૦ શ્રી ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના રામાનંદ સ્વામીએ ક્યારે કરી અને હાલે કયા નામે પ્રસિદ્ધ છે ?**

www.jayswaminarayan.org

www.bhujmandir.org

જ. શ્રી ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના શ્રી રામાનંદ સ્વામીએ સંવત્ ૧૮૧૧માં કરી હતી. અને હાલમાં પ્રવર્તકના નામથી ''સ્વામિનારાયણ સંપ્રદાય'' તરીકે ઓળખાય છે.

**પ્ર. ૧૧ શ્રી રામાનંદ સ્વામીનો જન્મ ક્યારે અને કયા સ્થાનમાં થયો હતો ?**

જ. શ્રી રામાનંદ સ્વામીનો જન્મ અયોધ્યામાં સંવત્ ૧૭૯૫માં શ્રાવણ વદ ૮ના રોજે થયો હતો.

**પ્ર. ૧૨ શ્રી રામાનંદ સ્વામીના માતા-પિતાનાં નામ શું હતાં ?**

જ. શ્રી રામાનંદ સ્વામીના માતાનું નામ સુમતી તથા પિતાનું નામ અજયવિપ્ર હતું.

**પ્ર. ૧૩ શ્રી રામાનંદ સ્વામીના ગુરૂનું નામ શું હતું ?**

જ. શ્રી રામાનંદ સ્વામીના ગુરુનું નામ રામાનુજાચાર્ય હતું.

**પ્ર. ૧૪ આપણો મત કયો છે ?**

જ. આપણો મત ''વિશિષ્ટાદ્વૈત'' છે.

**પ્ર. ૧૫ ધર્મદેવ તથા ભક્તિમાતાના ગુરુ કોણ હતા ?**

જ. ધર્મદેવ તથા ભક્તિમાતાના ગુરુ શ્રી રામાનંદ સ્વામી હતા.

**પ્ર. ૧૬ ધર્મદેવનો જન્મ કયા ગામમાં થયો હતો ?**

જ. ધર્મદેવનો જન્મ ઈટાર ગામમાં થયો હતો.

**પ્ર. ૧૭ ધર્મદેવના માતા-પિતાનાં નામ શું હતાં ?**

જ. ધર્મદેવના પિતાનું નામ બાળશર્મા અને માતાનું નામ ભાગ્યવતી હતું.

**પ્ર. ૧૮ ભક્તિમાતાનો જન્મ કયા ગામમાં થયો હતો ?**

જ. ભક્તિમાતાનો જન્મ છપૈયા ગામમાં થયો હતો.

**પ્ર. ૧૯ ભક્તિમાતાના માતા-પિતાનાં નામ શું હતાં ?**

જ. ભક્તિમાતાના પિતાનું નામ કૃષ્ણશર્મા અને માતાનું નામ ભવાની હતું.

**પ્ર. ૨૦ શ્રીસ્વામિનારાયણ ભગવાનની જ્ઞાતિ કઇ હતી ?**

જ. શ્રીસ્વામિનારાયણ ભગવાનની સરવરિયા બ્રાહ્મણ જ્ઞાતિ હતી.

**પ્ર. ૨૧ શ્રીસ્વામિનારાયણ ભગવાનનું નામકરણ કોણે કર્યું ?**

જ. શ્રીસ્વામિનારાયણ ભગવાનનું નામકરણ માર્કંડેય મુનિએ કર્યું.

**પ્ર. ૨૧ માર્કંડેય મુનિએ કયા નામ પાડ્યાં ?**

જ. હરિ, કૃષ્ણ, હરિકૃષ્ણ, નીલકંઠ આદિક નામ પાડ્યાં.

**પ્ર. ૨૨ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો વેદ તથા શાખા કઇ ?**

જ. શ્રીસ્વામિનારાયણ ભગવાનનો સામવેદ હતો. અને શાખા કૌથમી હતી.

**પ્ર. ૨૩ શ્રીસ્વામિનારાયણ ભગવાનનું હુલામણાનું નામ શું હતું?**

જ. શ્રીસ્વામિનારાયણ ભગવાનનું હુલામણાનું નામ ''ઘનશ્યામ'' હતું.

**પ્ર. ૨૪ ધર્મદેવ અને ભક્તિમાતા છપૈયાથી કુટુંબ સહિત અયોધ્યામાં રહેવા આવ્યાં ત્યારે ઘનશ્યામ મહારાજની ઉંમર કેટલી હતી ?**

જ. જ્યારે ધર્મદેવ અને ભક્તિમાતા કુટુંબ સહિત અયોધ્યામાં રહેવા આવ્યાં ત્યારે ઘનશ્યામ મહારાજની ઉંમર ત્રણ વર્ષની હતી.

**પ્ર. ૨૫ ઘનશ્યામ મહારાજની ભાભીનું નામ શું હતું ?**

જ. ઘનશ્યામ મહારાજની ભાભીનું નામ સુવાસિની બાઈ હતું.

**પ્ર. ૨૬ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો યજ્ઞોપવિત વિધિ કેટલા વર્ષની ઉંમરે કરવામાં આવ્યો હતો ?**

જ. શ્રીસ્વામિનારાયણ ભગવાનનો યજ્ઞોપવિત વિધિ આઠમે વર્ષે કરવામાં આવ્યો હતો.

**પ્ર. ૨૭ શ્રીસ્વામિનારાયણ ભગવાને પોતાના માતા-પિતાને દિવ્ય ગતી આપી ત્યારે તેમની ઉંમર કેટલા વર્ષની હતી ?**

જ. શ્રીસ્વામિનારાયણ ભગવાને પોતાના માતા-પિતાને દિવ્યગતી આપી ત્યારે તેમની ઉંમર ૧૧ વર્ષની હતી.

**પ્ર. ૨૮ ધર્મદેવે શ્રીઘનશ્યામ મહારાજની સંભાળ રાખવા માટે કોને ભલામણ કરી હતી ?**

જ. ધર્મદેવે શ્રીઘનશ્યામ મહારાજની સંભાળ રાખવા માટે પોતાના મોટા પુત્ર રામપ્રતાપને ભલામણ કરી હતી.

**પ્ર. ૨૯ શ્રી સ્વામિનારાયણ ભગવાને ક્યારે ઘરનો ત્યાગ કર્યો ?**

જ. શ્રી સ્વામિનારાયણ ભગવાને સંવત્ ૧૮૪૯ ના અષાઢ સુદ ૧૦ ને શુક્રવારના રોજ વહેલી સવારે ગૃહત્યાગ કર્યો હતો. (ઈ.સ. ૧૭૯૨ ના જુનની ૨૮ મી તારીખે.)

**પ્ર. ૩૦ શ્રીસ્વામિનારાયણ ભગવાન ઘેર કેટલાં વર્ષ રહ્યા હતા ?**

જ. શ્રી સ્વામિનારાયણ ભગવાન ૧૧ વર્ષ, ૩ માસને ૧ દિવસ ઘેર રહ્યા હતા.

**પ્ર. ૩૧ શ્રી સ્વામિનારાયણ ભગવાન જ્યારે ઘરનો ત્યાગ કરીને વનમાં**

www.jayswaminarayan.org

www.bhujmandir.org

ગયા ત્યારે પોતાની પાસે શું શું રાખ્યું હતું ?

જ. શ્રી સ્વામિનારાયણ ભગવાન જ્યારે વનમાં ગયા ત્યારે શરીરે મૃગચર્મ, કૌપીન, કટીભાગમાં મુંજની મેખલા, માળા, ભિક્ષાપાત્ર, સ્કંધને વિષે યજ્ઞોપવીત, એક હાથમાં પલાસનો દંડ અને બીજા હાથમાં કમંડલું, જળગારણું અને શાલીગ્રામ તથા બાલમુકુન્દનો બટવો અને પંચરત્નનો ગુંટકો... આટલાં વાનાં પોતાની પાસે રાખ્યાં હતાં.

**પ્ર. ૩૨ ભગવાન શ્રી સ્વામિનારાયણ વન વિચરણ કરતા કરતા કયાં કયાં મુખ્ય તીર્થોમાં ફર્યા હતા ?**

જ. હિમાલયમાં પુલહાશ્રમ, શિરપુર, નવલખા પર્વત, બાલવા કુંડ, કપિલાશ્રમ, જગન્નાથપુરી, શિવકાંચી તથા વિષ્ણુકાંચી ત્યાંથી શ્રીરંગ ક્ષેત્ર પછી સેતુબંધ રામેશ્વર ત્યાંથી ભૂતપૂરી, કન્યાકુમારી, પદ્મનાભ (ત્રિવેન્દ્રમ) થી જનાર્દન (વર્કલા )થી આદિકેશવથી મલ્લબાર (કેરલદેશ) થી પઢંરપુર, નાસિક ત્ર્યંબકેશ્વરથી નર્મદા ઉતરી, સાબરમતી ઉતરી, ભાલમાં ભીમનાથ મહાદેવ, ગોપનાથ અને ત્યાંથી લોજ ગામમાં આવ્યા.

**પ્ર. ૩૩ શ્રીસ્વામિનારાયણ ભગવાન કઇ સાલમાં લોજ આવ્યા?**

જ. શ્રી સ્વામિનારાયણ ભગવાન સંવત્ ૧૮૫૬ ના શ્રાવણ વદ ૬ (રાંધણ છઠ્ઠ) ને બુધવારે સવારના ૧૦ વાગે “લોજ” ગામની વાવ ઉપર આવીને બેઠા હતા.

**પ્ર. ૩૪ શ્રી સ્વામિનારાયણ ભગવાને વન વિચરણ કેટલા વર્ષ કર્યું**

જ. શ્રી સ્વામિનારાયણ ભગવાને ૭ વર્ષ ૧ માસ ૧૧ દિવસ વન વિચરણ કર્યું.

**પ્ર. ૩૫ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો લોજમાં પ્રથમ મેળાપ કોની સાથે થયો ?**

જ. શ્રી સ્વામિનારાયણ ભગવાનનો લોજ ગામમાં સુખાનંદ સ્વામી સાથે પ્રથમ મેળાપ થયો.

**પ્ર. ૩૬ સુખાનંદ સ્વામીએ વર્ણિરૂપ શ્રીસ્વામિનારાયણ ભગવાનને શું પુછ્યું હતું, અને તેના જવાબમાં તેમણે શો ઉત્તર આપ્યો ?**

જ. સુખાનંદ સ્વામીએ વાવ ઉપર શ્રીસ્વામિનારાયણ ભગવાનને નમ્રતાથી પૂછ્યું કે, આપ કયાંથી પધારો છો ? ત્યારે વર્ણીન્દ્રે કહ્યું કે, અમો બ્રહ્મપુરથી આવીએ છીએ પાછા ત્યાં જવાના છીએ. ત્યારે સુખાનંદ સ્વામીએ કહ્યું કે, એ સિદ્ધાંત બરાબર છે. પણ આ લોકની રીત પ્રમાણે કહો. ત્યારે કહ્યું કે, ઉત્તર હિન્દુસ્તાનમાં કૌશલ દેશથી આવું છું અને કયાં જવું છે તેનો નિરધાર કર્યો નથી.

**પ્ર. ૩૭ શ્રી સ્વામિનારાયણ ભગવાન “લોજ” ગામમાં આવી મુક્તાનંદ સ્વામીને કયા પાંચ પ્રશ્નો પુછેલા હતા ?**

જ. શ્રી સ્વામિનારાયણ ભગવાને મુક્તાનંદ સ્વામીને પૂછ્યું કે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનાં લક્ષણ કહો.

**પ્ર. ૩૮ શ્રી સ્વામિનારાયણ ભગવાને પૂછેલા પાંચ પ્રશ્નોના ઉત્તર મુક્તાનંદ સ્વામીએ કેવી રીતે આપ્યા ?**

જ. **(૧) જીવનું લક્ષણ :-**

જીવાત્મા સ્થૂલ, સુક્ષ્મ ને કારણ આ ત્રણ દેહથી જુદો છે. સ્થૂલ શરીરમાં રહ્યો થકો ઈન્દ્રિયો દ્વારા જુદી જુદી ક્રિયાઓ કરે છે. અગ્નિથી બળતો નથી અને અનાદિ છે, તેને જન્મ મરણ નથી અને જીર્ણ દેહનો ત્યાગ કરી નવા દેહને ધારણ કરે છે. ઈત્યાદિક જીવનાં લક્ષણો છે.

**(૨) ઇશ્વરનાં લક્ષણો :-**

ઈશ્વર વિરાટ, સુત્રાત્મા અને અવ્યાકૃત આ ત્રણ શરીરને વિષે પ્રવેશી ઉત્પતિ, સ્થિતિ અને પ્રલય કરે છે. તે સર્વે ઈશ્વરનાં લક્ષણ છે.

**(૩) માયાનાં લક્ષણો :-**

માયા છે તે જડ અને અંધકારરૂપ છે અને જીવને જન્મ મરણ કરાવનારી છે. સત્વગુણ, રજોગુણ અને તમોગુણ તેનાથી યુક્ત અને ભગવાનની શક્તિ છે. આ માયાનાં લક્ષણો છે.

**(૪) બ્રહ્મનાં લક્ષણો :-**

બ્રહ્મ સત્ય છે અને જ્ઞાન સ્વરૂપ છે, અનંત પૂર્ણ અને અખંડ છે અને અક્ષરાદિક સર્વેને પ્રકાશના કરનારા છે અને ધારણ કરનારા છે. શુદ્ધ નિત્ય તથા અવિકારી છે. આ બ્રહ્મનાં લક્ષણો છે.

**(૫) પરબ્રહ્મનાં લક્ષણો :-**

જેને નારાયણ, કૃષ્ણ, વાસુદેવ, વિષ્ણુ કહેછે અને જે સર્વજ્ઞ, સત્ય અને સ્વતંત્ર છે. વળી સત્ય સંકલ્પ છે. પ્રકાશમાન, સ્વતંત્ર મૂર્તિ છે. આનંદમય

www.jayswaminarayan.org

www.bhujmandir.org

દિવ્યમૂર્તિ છે. સર્વકર્મફલ પ્રદાતા છે. અંતર્યામી છે. સર્વ શક્તિઓ જેને સેવે છે. જેને પરમેશ્વર કહે છે. સર્વને વિષે રહેલા છતાં પણ વિરક્ત છે. કાળમાયાદિકના નિયંતા છે. અને સર્વ કારણના કારણ છે. અને જેને સર્વ કારણના કારણ પરબ્રહ્મ કહે છે. અને મુમુક્ષુ જનોને ઉપાસના કરવા યોગ્ય છે. આ પરબ્રહ્મનાં લક્ષણો છે.

**પ્ર. ૩૯ મુક્તાનંદ સ્વામીના ગુરુનું નામ શું હતું ?**

જ. મુક્તાનંદ સ્વામીના ગુરુનું નામ રામાનંદ સ્વામી હતું.

**પ્ર. ૪૦ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો મુક્તાનંદ સ્વામી સાથે મેળાપ થયો ત્યારે રામાનંદ સ્વામી કયા દેશમાં હતા ?**

જ. શ્રીસ્વામિનારાયણ ભગવાનનો મેળાપ મુક્તાનંદ સ્વામીને થયો ત્યારે શ્રીરામાનંદ સ્વામી કચ્છ દેશમાં ભુજનગરને વિષે ગંગારામ ભક્તને ઘેર બિરાજમાન હતા.

**પ્ર. ૪૧ શ્રીસ્વામિનારાયણ ભગવાનને ભુજમાં રામાનંદ સ્વામીને મળવાની ઇચ્છા થઇ ત્યારે મુક્તાનંદ સ્વામીએ કયા માસની અવધી આપીને સમજાવ્યા ?**

જ. મુક્તાનંદ સ્વામીએ શ્રીસ્વામિનારાયણ ભગવાનને વૈશાખ માસની અવધી આપી સમજાવતાં કહ્યું કે, હે નિલકંઠવર્ણી કચ્છ દેશ જતાં માર્ગમાં ખારા સમુદ્રની ખાડી આવે છે. તેથી તે માર્ગ વિકટ છે. માટે તમો રામાનંદ સ્વામી અહીં આવે ત્યાં સુધી સુખેથી રહો.

**પ્ર. ૪૨ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો પ્રથમ પત્ર વ્યવહાર કયા ગામમાં કોની સાથે થયો હતો ?**

જ. શ્રીસ્વામિનારાયણ ભગવાનનો પ્રથમ પત્ર વ્યવહાર કચ્છ ભુજમાં જગદ્‌ગુરૂ રામાનંદ સ્વામી સાથે થયો હતો.

**પ્ર. ૪૩ મયારામ ભટ્ટે ભુજનગરમાં શ્રીરામાનંદ સ્વામીને પત્ર આપ્યો ત્યારે શું આશ્ચર્ય થયું ?**

જ. મયારામ ભટ્ટે રામાનંદ સ્વામીને પત્ર આપ્યો ત્યારે તે પત્ર ખોલતાની સાથે જ પ્રકાશ પ્રકાશ થઈ ગયો. તે જોઈને સભા વિસ્મય પામી ગઈ.

**પ્ર. ૪૪ પત્ર વાંચીને રામાનંદ સ્વામીએ સભાને સંબોધતાં શું કહ્યું ?**

જ. શ્રીરામાનંદ સ્વામીએ સભાને સંબોધીને કહ્યું કે, હું તમને કહેતો હતો કે હું ડુગડુગી વગાડનારો છું અને વેષના ભજવનાર પાછળ આવશે તે આજે સત્સંગમાં આવી ગયા. એમ કહી ગાદી ઉપરથી નીચે ઉતરી ગયા.

**પ્ર. ૪૫ શ્રીસ્વામિનારાયણ ભગવાનના ગુરુનું નામ શું હતું ?**

જ. શ્રીસ્વામિનારાયણ ભગવાનના ગુરુનું નામ શ્રી રામાનંદ સ્વામી હતું.

**પ્ર. ૪૬ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો રામાનંદ સ્વામીની સાથે પ્રથમ મેળાપ કયા ગામમાં થયો ?**

જ. શ્રીસ્વામિનારાયણ ભગવાનનો રામાનંદ સ્વામી સાથે પ્રથમ મેળાપ પીપલાણા ગામમાં થયો હતો.

**પ્ર. ૪૭ રામાનંદ સ્વામીએ શ્રીસ્વામિનારાયણ ભગવાનને મહાદીક્ષા કયા ગામમાં આપી ? અને શું નામ આપ્યાં ?**

જ. રામાનંદ સ્વામીએ શ્રીસ્વામિનારાયણ ભગવાનને પીપલાણા ગામમાં મહાદીક્ષા આપી અને સહજાનંદ સ્વામી અને નારાયણ મુનિ એવાં બે નામો આપ્યાં.

**પ્ર. ૪૮ રામાનંદ સ્વામીએ શ્રીસ્વામિનારાયણ ભગવાનને કયા ગામમાં ગાદીએ બેસાડ્યા ?**

જ. રામાનંદ સ્વામીએ શ્રીસ્વામિનારાયણ ભગવાનને સૌરાષ્ટ્ર જેતપુર ગામમાં ગાદીએ બેસાડ્યા.

**પ્ર. ૪૯ શ્રીસ્વામિનારાયણ ભગવાન ગાદીએ બેઠા ત્યારે તેમની ઉંમર કેટલી હતી ?**

જ. શ્રીસ્વામિનારાયણ ભગવાન ગાદીએ બેઠા ત્યારે તેમની ઉંમર માત્ર ૨૧ વર્ષની હતી.

**પ્ર. ૫૦ શ્રીસ્વામિનારાયણ ભગવાન ગાદીએ બેઠા ત્યારે રામાનંદ સ્વામી પાસેથી કયાં બે વરદાન માગ્યાં ?**

જ. (૧) તમારા ભક્તોને એક વીંછીની વેદના જેટલું દુઃખ લખ્યું હોય તો એક કરોડ વીંછીનું દુઃખ અમને થાઓ પણ તમારા ભક્તો સુખી થાઓ.
(૨) જે મુમુક્ષુ જીવાત્મા હોય તેના પ્રારબ્ધમાં રામપાત્ર જેટલી ગરીબાઈ હોય તો તે મને આવો, પણ તમારા આશ્રિતો અન્ન વસ્ત્રે દુઃખી ન થાઓ.

www.jayswaminarayan.org

www.bhujmandir.org

આ બે વરદાન માગ્યાં, ત્યારે રામાનંદ સ્વામીએ પ્રસન્ન થઈ શ્રીજી મહારાજની ઈચ્છા પૂર્ણ કરી.

**પ્ર. ૫૧ શ્રી રામાનંદ સ્વામી કયા ગામે અક્ષરધામમાં ગયા ?**

જ. શ્રી રામાનંદ સ્વામી ''ફણેણી'' ગામે અક્ષરધામમાં ગયા.

**પ્ર. ૫૨ શ્રીસ્વામિનારાયણ ભગવાને પોતાની ગાદીના બે વિભાગ શા માટે કર્યા ?**

જ. શ્રીસ્વામિનારાયણ ભગવાને પોતાના બહોળા ઉદ્ધવ સંપ્રદાય-ના વ્યવસ્થિત સંચાલન માટે ગાદીના બે વિભાગ કર્યા છે.

**પ્ર. ૫૩ બન્ને ગાદી ઉપર પ્રથમ આચાર્ય બેસાડ્યા તેનાં નામ આપો ?**

જ. (૧) અમદાવાદ (ઉત્તર) દેશની ગાદી ઉપર આચાર્ય તરીકે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની સ્થાપના કરી.

(૨) વડતાલ (દક્ષિણ) દેશની ગાદી ઉપર આચાર્ય તરીકે શ્રી રઘુવીરજી મહારાજની સ્થાપના કરી.

**પ્ર. ૫૪ શ્રીસ્વામિનારાયણ ભગવાને ''શિક્ષાપત્રી'' કઇ સાલમાં અને ક્યાં લખી ?**

જ. શ્રીસ્વામિનારાયણ ભગવાને ''શિક્ષાપત્રી'' સંવત્ ૧૮૮૨ના મહાસુદ ૫ (વસંત પંચમી) ને દિવસે વડતાલમાં લખી.

**પ્ર. ૫૫ શિક્ષાપત્રીમાં કુલ્લ કેટલા શ્લોકો છે ?**

જ. શિક્ષાપત્રીમાં કુલ્લ ૨૧૨ (બસો ને બાર) શ્લોકો છે.

**પ્ર. ૫૬ ગીતાજીના કેટલા અધ્યાય છે ? અને કેટલા શ્લોકો છે ?**

જ. ગીતાજીમાં કુલ્લ ૧૮ (અઢાર) અધ્યાય અને ૭૦૦ શ્લોકો છે.

**પ્ર. ૫૭ શ્રીસ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી ઉપર કેટલાં વર્ષ રહ્યા હતા ?**

જ. શ્રીસ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી ઉપર ૪૯ વર્ષ ૨ માસ અને ૧ દિવસ રહ્યા હતા.

**પ્ર. ૫૮ શ્રીસ્વામિનારાયણ ભગવાન સત્સંગમાં કેટલા વર્ષ રહ્યા હતા ?**

જ. શ્રીસ્વામિનારાયણ ભગવાન આ સત્સંગમાં ૩૦ વર્ષ ૯ માસ અને ૧૯ દિવસ રહ્યા હતા.

**પ્ર. ૫૯ શ્રીસ્વામિનારાયણ ભગવાન ''કચ્છ દેશ'' માં કેટલાં વર્ષ ફર્યા ?**

જ. શ્રીસ્વામિનારાયણ ભગવાન કચ્છ દેશમાં ૭ વર્ષ ફર્યા.

**પ્ર. ૬૦ શ્રીરામાનંદ સ્વામીને અત્યંત વ્હાલું સ્થળ કયું હતું ?**

જ. શ્રીરામાનંદ સ્વામીને અત્યંત વ્હાલું સ્થળ ''ભુજનગર'' હતું.

**પ્ર. ૬૧ શ્રીસ્વામિનારાયણ ભગવાન કઇ સાલમાં મનુષ્યલીલા પૂર્ણ કરીને આ લોકમાંથી અંતર્ધાન થયા ?**

જ. શ્રીસ્વામિનારાયણ ભગવાન સંવત્ ૧૮૮૬ના જેઠસુદ ૧૦ ને દિવસે મનુષ્ય લીલા પૂર્ણ કરીને સ્વધામમાં ગયા.

**પ્ર. ૬૨ અમદાવાદ દેશમાં શ્રીનરનારાયણ દેવની ગાદીના અત્યાર સુધીમાં કેટલા આચાર્યો થયા અને તેમનાં નામ શું છે તે જણાવો ?**

જ. અમદાવાદ શ્રીનરનારાયણ દેવની ગાદીના આચાર્ય અત્યાર સુધીમાં ૭ થયા છે અને તેમનાં નામ નીચે પ્રમાણે છે.

૧. ધ.ધુ. આ. ૧૦૦૮ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ.
૨.ધ.ધુ.આ.૧૦૦૮ શ્રી કેશવપ્રસાદજી મહારાજ.
૩. ધ.ધુ. આ. ૧૦૦૮ શ્રી પુરૂષોત્તમપ્રસાદજી મહારાજ.
૪. ધ.ધુ. આ. ૧૦૦૮ શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ.
૫. ધ.ધુ. આ. ૧૦૦૮ શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ.
૬. ધ.ધુ. આ. ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ.
૭.ધ.ધુ. આ. ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ.

**પ્ર. ૬૩ વડતાલ દેશ શ્રીલક્ષ્મીનારાયણ દેવની ગાદીના આચાર્યો અત્યાર સુધી કેટલા થયા ? અને તેમના નામ શું છે તે જણાવો ?**

જ. વડતાલ દેશ શ્રીલક્ષ્મીનારાયણ દેવની ગાદીના આચાર્યો અત્યાર સુધીના ૯ આચાર્યો થયા. તેમનાં નામ નીચે પ્રમાણે છે. ૧.ધ.ધુ.આ.૧૦૦૮શ્રી રઘુવીરજી મહારાજ.

૨. ધ.ધુ. આ. ૧૦૦૮ શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ.
૩. ધ.ધુ. આ. ૧૦૦૮ શ્રી વિહારીલાલજી મહારાજ.
૪. ધ.ધુ. આ. ૧૦૦૮ શ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજ.
૫. ધ.ધુ. આ. ૧૦૦૮ શ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજ.
૬. ધ.ધુ. આ. ૧૦૦૮ શ્રી આનંદપ્રસાદજી મહારાજ.
૭. ધ.ધુ. આ. ૧૦૦૮ શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજ.

www.jayswaminarayan.org

www.bhujmandir.org

૮. ધ.ધુ. આ. ૧૦૦૮ શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ.
૯. ધ.ધુ. આ. ૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજ.

**પ્ર. ૬૪ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય નિયમ કેટલાં ? અને કયાં છે ?**

જ. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય નિયમ અગિયાર છે. (૧) હિંસા ન કરવી. (૨) પરસ્ત્રીનો સંગ ન કરવો. (૩) માંસ ન ખાવું. (૪) દારૂ ન પીવો (૫) વિધવાનો સ્પર્શ ન કરવો. (૬) આત્મઘાત ન કરવો. (૭) ચોરી ન કરવી. (૮) કોઈને કલંક ન દેવું. (૯) દેવોની નિંદા ન કરવી. (૧૦) જેનું ન ખપતું હોય તેનું ન ખાવું. (૧૧) વિમુખ થકી કથા વાર્તા ન સાંભળવી, આ અગિયાર નિયમો છે.

**પ્ર. ૬૫ કયું કાર્ય તત્કાળ કરવું ?**

જ. ધર્મ સંબંધી કાર્ય તત્કાળ કરવું.

**પ્ર. ૬૬ કયું કાર્ય વિચાર્યા વિના ન કરવું ?**

જ. વ્યવહારિક કાર્ય વિચાર્યા વિના ન કરવું.

**પ્ર. ૬૭ મનુષ્ય માત્રે કેવું વસ્ત્ર ન પહેરવું ?**

જ. મનુષ્ય માત્રે પોતાનું અંગ દેખાય તેવું ભૂડું વસ્ત્ર ન પહેરવું.

**પ્ર. ૬૮ કોની સાથે વાદ વિવાદ ન કરવો ?**

જ. પોતાના આચાર્ય, રાજા, રાજાના માણસો ને સ્ત્રીઓની સાથે વાદ વિવાદ ન કરવો.

**પ્ર. ૬૯ કોનું કોનું અપમાન ન કરવું ?**

જ. (૧) ગુરુ (૨) અતિશે શ્રેષ્ઠ (૩) પ્રતિષ્ઠિત (૪) વિદ્વાન (૫) શસ્ત્રધારી (૬) અને રાજાનું અપમાન ન કરવું.

**પ્ર. ૭૦ કોની પાસે ખાલી હાથે ન જવું ?**

જ. (૧) ગુરુ (૨) દેવ (૩) અને રાજા પાસે ખાલી હાથે ન જવું.

**પ્ર. ૭૧ ભકિત કેટલા પ્રકારની છે ? તેનાં નામ જણાવો ?**

જ. ભક્તિ ૯ પ્રકારની છે. તેનાં નામ (૧) શ્રવણ ભક્તિ (૨) કીર્તન ભક્તિ (૩) સ્મરણ ભક્તિ (૪) સેવા ભક્તિ (૫) પૂજન ભક્તિ (૬) નમસ્કાર ભક્તિ (૭) દાસ ભક્તિ (૮) સખા ભક્તિ (૯) અને આત્મનિવેદન ભક્તિ આમ નવ પ્રકારની ભક્તિ છે.

**પ્ર. ૭૨ શ્રવણ ભક્તિ કોને કહેવાય ?**

જ. કાનેથી ભગવાનની કથા, વાર્તા, કીર્તન, ગુણ, ઐશ્વર્ય, લીલા ચરિત્ર સાંભળવું તેને "શ્રવણ ભક્તિ" કહેવાય.

**પ્ર. ૭૩ કીર્તન ભક્તિ કોને કહેવાય ?**

જ. મુખેથી ભગવાનની કથા કરવી, કીર્તન બોલવાં, ભગવદ્ વાર્તા કરવી, સ્તુતિ=પ્રાર્થના કરવી તેને કીર્તન ભક્તિ કહેવાય.

**પ્ર. ૭૪ સ્મરણ ભક્તિ કોને કહેવાય ?**

જ. મનમાં (હૃદયમાં) ભગવાનને ધારિને માળા ફેરવવી, ભગવાનનાં નામ અને લીલા ચરિત્રનું ચિંતન કરવું તેને સ્મરણ ભક્તિ કહેવાય.

**પ્ર. ૭૫ પાદ સેવન ભક્તિ કોને કહેવાય ?**

જ. ભગવાનના ચરણની ચંપી કરવી તેને પાદસેવન ભક્તિ કહેવાય.

**પ્ર. ૭૬ પૂજન ભક્તિ કોને કહેવાય ?**

જ. ભગવાનને ચંદન ચર્ચવું, પુષ્પના હાર પહેરાવવા, કુંકુમનો ચાંદલો કરવો, ભેટ અર્પણ કરવી, વસ્ત્ર ઘરેણાં પહેરાવવાં, આરતી ઉતારવી, તેને પૂજન ભક્તિ કહેવાય.

**પ્ર. ૭૭ વંદન ભક્તિ કોને કહેવાય ?**

જ. ભગવાનને નમસ્કાર કરવા તેને વંદન ભક્તિ કહેવાય.

**પ્ર. ૭૮ દાસત્વ ભક્તિ કોને કહેવાય ?**

જ. દાસની પેઠે ભગવાનને આધીન રહીને આજ્ઞામાં વર્તવું, ભગવાનનું મંદિર વાળવું લીપવું, ભગવાનને અર્થે થાળ કરવો, ભગવાનને જમાડવા, જળપાન કરાવવું, પોઢાડવા ઈત્યાદિક દાસત્વ ભક્તિ કહેવાય.

**પ્ર. ૭૯ સખા ભક્તિ કોને કહેવાય ?**

જ. ભગવાનની સાથે મિત્રપણું થાય કહેતાં ભગવાનને મનાવવા, રીઝવવા, હાસ્ય વિનોદના ભાવથી ગમે તેવાં કઠણ વચનો કહે પણ એક બીજાને ખોટું ન લાગે આંટી ન બંધાય તેમ વર્તે તેને સખા ભક્તિ કહેવાય.

**પ્ર. ૮૦ આત્મનિવેદન ભક્તિ કોને કહેવાય ?**

જ. ભગવાનને પોતાનો દેહ, ધન-ધામ કુટુંબ સર્વસ્વ અર્પણ કરી દે.

www.jayswaminarayan.org

www.bhujmandir.org

ભગવાનની સેવા પોતાના દેહથી જ કરે. થાળ કરવો, જળ લાવવું, વાસણો માંજવાં, મંદિર લીંપવું, આદિક ક્રિયા પોતે કરે પણ બીજા પાસે ન કરાવે, ભગવાનને નૈવેદ્ય ધર્યા વિના અન્ન-જળ ન લે તેને આત્મનિવેદન ભક્તિ કહેવાય.

**પ્ર. ૮૧ ભુજ મંદિરમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને શ્રીનરનારાયણ દેવની સ્થાપના કઇ સાલમાં કરી ?**

જ. ભુજ મંદિરમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને શ્રી નરનારાયણ દેવની સ્થાપના સંવત્ ૧૮૭૯ વૈશાખ સુદ પાંચમને દિવસે કરી.

**પ્ર. ૮૨ અમદાવાદ મંદિરમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને શ્રીનરનારાયણ દેવની સ્થાપના કઇ સાલમાં કરી ?**

જ. અમદાવાદ મંદિરમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને શ્રી નરનારાયણ દેવની સ્થાપના સંવત્ ૧૮૭૮ ફાગણ સુદ ૩ ને દિવસે કરી.

**પ્ર. ૮૩ વડતાલ મંદિરમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને શ્રીલક્ષ્મી-નારાયણ દેવની સ્થાપના કઇ સાલમાં કરી ?**

જ. વડતાલ મંદિરમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને શ્રી લક્ષ્મીનારાયણ દેવની સ્થાપના સંવત્ ૧૮૮૧ કાર્તિક સુદ બારસને દિવસે કરી.

**પ્ર. ૮૪ જૂનાગઢ મંદિરમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને શ્રીરાધારમણ દેવની સ્થાપના કઇ સાલમાં કરી ?**

જ. જૂનાગઢ મંદિરમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને શ્રી રાધારમણ દેવની સ્થાપના ૧૮૮૪ વૈશાખ વદ બીજને દિવસે કરી.

**પ્ર. ૮૫ ધોળકા મંદિરમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને શ્રી મુરલીમનોહર દેવની સ્થાપના કઇ સાલમાં કરી ?**

જ. ધોળકા મંદિરમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને શ્રીમોરલીમનોહર દેવની સ્થાપના સંવત્ ૧૮૮૩ વૈશાખ વદ ૫ ને દિવસે કરી.

**પ્ર. ૮૬ ધોલેરા મંદિરમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને શ્રીમદનમોહન દેવની સ્થાપના કઇ સાલમાં કરી ?**

જ. ધોલેરા મંદિરમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને શ્રી મદનમોહન દેવની સ્થાપના સંવત્ ૧૮૮૨ વૈશાખ સુદ ૧૩ ને દિવસે કરી.

**પ્ર. ૮૭ ગઢડા મંદિરમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને શ્રીગોપીનાથજી મહારાજની સ્થાપના કઇ સાલમાં કરી ?**

જ. ગઢડા મંદિરમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને ગોપીનાથજી મહારાજની સ્થાપના સંવત્ ૧૮૮૫ આસો સુદ ૧૨ ને દિવસે કરી.

**પ્ર. ૮૮ મુળી શ્રીસ્વામિનારાયણ મંદિરમાં શ્રીરાધાકૃષ્ણ દેવની સ્થાપના કઇ સાલમાં થઇ ?**

જ. મુળી શ્રીસ્વામિનારાયણ મંદિરમાં શ્રારાધાકૃષ્ણ દેવની સ્થાપના સંવત્ ૧૮૮૮ મહા સુદ પાંચમને દિવસે થઈ.

**પ્ર. ૮૯ ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી આ ચાર સંતોનાં મૂળ નામ અને વતન જણાવો ?**

જ.

| દિક્ષિત નામ | પૂર્વાશ્રમનું નામ | વતન. |
|---|---|---|
| ગોપાળાનંદ સ્વામી | ખુશાલ ભટ્ટ | ટોડલા. |
| બ્રહ્માનંદ સ્વામી | લાડુદાન ગઢવી | ખાણ ગામ. |
| મુક્તાનંદ સ્વામી | મુકુન્દ દાસ | અમરાપુર. |
| નિત્યાનંદ સ્વામી | દીનમણી શર્મા | દત્તિયા. |

**પ્ર. ૯૦ શ્રી સહજાનંદ સ્વામીનાં જુદાં જુદાં નામ આપો ?**

જ. (૧) હરિ (૨) કૃષ્ણ (૩) હરિકૃષ્ણ (૪) નીલકંઠવર્ણી (૫) ઘનશ્યામ (૬) સહજાનંદ સ્વામી (૭) નારાયણ મુનિ (૮) સ્વામિનારાયણ.

**પ્ર. ૯૧ ભુજના આદિ સદ્‌ગુરુ મહંત સ્વામીનું નામ તથા તેમનું પૂર્વાશ્રમનું વતન જણાવો ?**

જ. ભુજના આદિ મહંત સદ્‌ગુરુ સ્વામી શ્રી અચ્યુત દાસજી અને વતન ધુફી.

**પ્ર. ૯૨ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના હાલના મહંત સ્વામીનું નામ જણાવો ?**

જ. ભુજ સ્વામિનારાયણ મંદિરના હાલના મહંત સ્વામીનું નામ સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રી હરિસ્વરૂપ દાસજી છે.

**પ્ર. ૯૩ સંત દાસજી કયા સરોવરમાં ડુબકી મારીને બદ્રિકાશ્રમમાં નીકળ્યા ?**

જ. સંતદાસજી ભુજના હમીરસરોવરમાં ડુબકી મારીને બદ્રિકા-શ્રમમાં નીકળ્યા.

**પ્ર. ૯૪ દાસનું લક્ષણ કોણે સિદ્ધ કરીને બતાવ્યું ?**

www.jayswaminarayan.org

www.bhujmandir.org

જ. દાસનું લક્ષણ ભુજના સુંદરજી સુથારે સિદ્ધ કરી બતાવ્યું.

**પ્ર. ૯૫ ગઢડામાં ગોપીનાથજી મહારાજની મૂર્તિ શ્રીસ્વામિનારાયણ ભગવાને કયા શિલ્પી પાસે તૈયાર કરાવી ?**

જ. ગઢડામાં ગોપીનાથજી મહારાજની મૂર્તિ શ્રીસ્વામિનારાયણ ભગવાને ભુજના શિલ્પી નારાયણજીભાઈ સુતાર પાસે તૈયાર કરાવી.

**પ્ર. ૯૬ શ્રીસ્વામિનારાયણ ભગવાને પોતાની મૂર્તિનો ખસરો સૌ પ્રથમ કોની પાસે કરાવ્યો ?**

જ. શ્રીસ્વામિનારાયણ ભગવાને પોતાની મૂર્તિનો ખસરો ભુજના શિલ્પી નારાયણજીભાઈ પાસે કરાવ્યો.

**પ્ર. ૯૭ બ્રહ્માનંદ સ્વામી પીંગલ ભાષા કયા ગામમાં ભણ્યા ?**

જ. બ્રહ્માનંદ સ્વામી પીંગલ ભાષા ભુજનગરમાં ભણીને પરિપૂર્ણ સમ્રાટ કવિ થયા.

**પ્ર. ૯૮ ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રીજી મહારાજે કોની પાસે કરાવ્યું ?**

જ. ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રીજી મહારાજે વૈષ્ણવાનંદ સ્વામી પાસે કરાવ્યું.

**પ્ર. ૯૯ શ્રી સ્વામિનારાયણ ધર્મ સંદેશ એ શું છે ?**

જ. ‘‘શ્રી સ્વામિનારાયણ ધર્મ સંદેશ’’ એ ભુજ મંદિરમાંથી પ્રસિદ્ધ થતું માસિક (ભુજ સંસ્થાનું મુખપત્ર) છે.

**પ્ર. ૧૦૦ ભગવાનની ભક્તિ કેવી કરવી ?**

જ. ભગવાનની ભક્તિ ધર્મે સહિત જ કરવી.

**પ્ર. ૧૦૧ કોના ભય થકી ભગવાનની ભક્તિનો ત્યાગ ન કરવો?**

જ. અજ્ઞાની પુરૂષની નિંદાના ભય થકી ભગવાનની ભક્તિનો ત્યાગ ન કરવો.

**પ્ર. ૧૦૨ ભગવાનના મંદિરમાં જઇએ ત્યારે કેવી રીતે વર્તવું ?**

જ. ભગવાનના મંદિરમાં જઈએ ત્યારે પુરૂષોએ સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો. અને સ્ત્રીઓએ પુરૂષનો સ્પર્શ ન કરવો.

**પ્ર. ૧૦૩ શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થયા પછી શું કરવું ?**

જ. શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થયા પછી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર જાતિના પુરૂષોએ કંઠમાં તુલસીની બેવળી માળા ધારણ કરવી અને લલાટમાં ઊર્ધ્વપુંડ્ર તિલક તથા કુંકુમનો ચાંદલો કરવો.

**પ્ર. ૧૦૪ શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિતોએ સવારમાં શું શું નિત્ય કર્મ કરવું ?**

જ. શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિતોએ સવારમાં (૧) સૂર્યોદય પહેલાં જાગવું, (૨) ભગવાનનું ધ્યાન ધરવું, (૩) ભગવાનના નામનું સંકીર્તન કરવું, (૪)શૌચવિધિએ જવું શૌચ વિધિ કર્યા પછી ડાબો હાથ માટી અને જળ વડે દશ વખત ધોવો અને બે હાથ ભેગા કરીને સાત વખત ધોવા. (૫) એક સ્થાનકે મૌન બેસીને દાતણ કરવું. (૬) શુદ્ધ જળ વડે સ્નાનાદિક ક્રિયા કરવી. (૭) ધોયેલું એક વસ્ત્ર પહેરવું અને એક ઓઢવું, (૮) પૃથ્વી ઉપર પાથરેલ આસને પૂર્વ મુખે અથવા ઉત્તર મુખે બેસી તિલક ચાંદલો કરી ભગવાનની પૂજા કરવી. (૯) મંદિરે દર્શન કરવા જવું. (૧૦) આટલી ક્રિયા કર્યા બાદજ વ્યવહારનાં કાર્યો કરવાં.

**પ્ર. ૧૦૫ કઇ વસ્તુ ક્યારે ગ્રહણ કરવી ?**

જ. જમવા યોગ્ય અને પીવા યોગ્ય વસ્તુ ભગવાનને નૈવેદ્ય ધરીને જ ગ્રહણ કરવી.

**પ્ર. ૧૦૬ પોતાના પોષ્યવર્ગની સંભાવના કેવી રીતે કરવી ?**

જ. પોતાના પોષ્યવર્ગની સંભાવના યથાયોગ્ય અન્નવસ્ત્રાદિકે કરીને કરવી.

**પ્ર. ૧૦૭ સાયંકાળે ભગવાનના ભક્તોએ શું કરવું ?**

જ. સાયંકાળે ભગવાનના ભક્તોએ નિત્ય પ્રત્યે મંદિરમાં જવું અને ઉંચા સ્વરે ભગવાનના નામનું ઉચ્ચારણ કરવું તથા કીર્તન કરવાં.

**પ્ર. ૧૦૮ કોની આગળ પગ ઉપર પગ ચઢાવી ન બેસવું ?**

જ. ગુરુ, દેવ, રાજા તથા સભાને વિષે પગ ઉપર પગ ચઢાવીને ન બેસવું.

**પ્ર. ૧૦૯ કેવા માણસને કેવી રીતે બોલાવવો ?**

જ. જે પુરૂષ જેવા ગુણવાળો હોય તે પુરૂષને તેવી જ રીતે બોલાવવો.

**પ્ર. ૧૧૦ કોનું કોનું સન્માન સામે જઇને કરવું ?**

જ. ગુરુ, રાજા, વૃદ્ધ, ત્યાગી, વિદ્વાન અને તપસ્વી આ છ જણાની સામે જઈને મધુર વચનો વડે સન્માન કરવું.

www.jayswaminarayan.org

# -: પ્રશ્નાવલી :-

www.bhujmandir.org

**પ્ર. ૧૧૧ કયા પાંચ દેવ પૂજ્ય પણે માનવા ?**

જ. (૧) વિષ્ણુ (૨) શિવ (૩) ગણપતિ (૪) પાર્વતી (૫) સૂર્ય આ પાંચ દેવ પૂજ્યપણે માનવા.

**પ્ર. ૧૧૨ બ્રાહ્મણોના ધર્મ શું છે ?**

જ. શમ, દમ, ક્ષમા, સંતોષ એ આદિક બ્રાહ્મણોના ધર્મો છે.

**પ્ર. ૧૧૩ ક્ષત્રિયોના ધર્મ શું છે ?**

જ. શૂરવીરપણું ધીરજ આદિક ક્ષત્રિયોના ધર્મો છે.

**પ્ર. ૧૧૪ વૈશ્યોના ધર્મો શું ?**

જ. કૃષિકર્મ (ખેતી) છે. અને વ્યાપાર તથા વ્યાજવટો આદિક વૈશ્યોના ધર્મોછે.

**પ્ર. ૧૧૫ શુદ્રોના ધર્મ શું છે ?**

જ. ત્રણે વર્ણની સેવા કરવી એ શુદ્રોના ધર્મ છે.

**પ્ર. ૧૧૬ જાણે અજાણે પાપ થઇ જાય ત્યારે શું કરવું ?**

**જ. જાણે અજાણે પાપ થઇ જાય ત્યારે પોતાની શક્તિ પ્રમાણે પ્રાયશ્ચિત કરવું.**

**પ્ર. ૧૧૭ ઉપવાસને દિવસે શું ત્યાગ કરવું ?**

જ. ઉપવાસને દિવસે દિવસની નિદ્રાનો ત્યાગ કરવો.

**પ્ર. ૧૧૮ ચાતુર્માસને વિષે કયા વિશેષ નિયમો પાળવા ?**

જ. ચાતુર્માસને વિષે ભગવાનની કથા સાંભળવી, સત્શાસ્ત્ર વાંચવાં, ભગવાનના ગુણ કીર્તન કરવાં, મહાપૂજા કરવી, મંત્રજાપ કરવો, સ્તોત્રનો પાઠ કરવો, પ્રદક્ષિણા કરવી, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા આ આઠ નિયમો પાળવા.

**પ્ર. ૧૧૯ કયાં કયાં વ્રતો કરવાં ?**

જ. એકાદશી, જન્માષ્ટમી, રામનવમી, શિવરાત્રી,વામન જયંતિ આદિક વ્રતો કરવાં.

**પ્ર. ૧૨૦ ભૂત પ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે શું કરવું ?**

જ. ભૂત પ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે નારાયણ કવચનો જપ કરવો અથવા હનુમાનજીના મંત્રનો જપ કરવો.

**પ્ર. ૧૨૧ કયા દેવના મંત્રનો જપ ન કરવો ?**

જ. જે દેવની આગળ પશુઓનો વધ થતો હોય એવા ક્ષુદ્રદેવના મંત્રનો જપ ન કરવો.

**પ્ર. ૧૨૨ સંપ્રદાયમાં કયાં સત્શાસ્ત્રો માન્ય છે ?**

જ. (૧) વેદ (૨) વ્યાસસૂત્ર (૩) શ્રીમદ્ ભાગવત્ (૪) શ્રીવિષ્ણુસહસ્ત્રનામ (૫) શ્રી ભગવદ્ગીતા (૬) શ્રી વિદુરનિતિ (૭) શ્રી વાસુદેવ મહાત્મ્ય (૮) યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ આ આઠ સત્શાસ્ત્રો માન્ય છે.

**પ્ર. ૧૨૩ ધર્મ કોને જાણવો ?**

જ. શ્રુતિ સ્મૃતિએ કહેલ સદાચાર તેને જ ધર્મ જાણવો.

**પ્ર. ૧૨૪ જ્ઞાન એટલે શું ?**

જ. જ્ઞાન એટલે જીવ, ઈશ્વર ને માયા તેના સ્વરૂપને યથાર્થ જાણવું તેને જ્ઞાન કહેવાય.

**પ્ર. ૧૨૫ ભક્તિ કોને જાણવી ?**

જ. મહાત્મ્ય જ્ઞાને યુક્ત જે ભગવાનને વિષે સ્નેહ તેને ભક્તિ જાણવી.

**પ્ર. ૧૨૬ વૈરાગ્ય કોને કહેવાય ?**

જ. ભગવાન સિવાય બીજાં પદાર્થમાં અરૂચી તેને વૈરાગ્ય કહેવાય.

**પ્ર. ૧૨૭ ગુણવાન પુરૂષનું કર્તવ્ય શું છે ?**

જ. ભગવાનને વિષે ભક્તિ અને સત્સંગ આ બે ગુણવાન પુરૂષનું કર્તવ્ય છે.

**પ્ર. ૧૨૮ ભગવાનની ભક્તિ કેવી રીતે કરવી ?**

જ. ત્રણ દેહથી જુદો જીવને માનીને બ્રહ્મરૂપની ભાવના કરીને ભગવાનની ભક્તિ કરવી.

**પ્ર. ૧૨૯ કોણ ધ્યાન કરવા યોગ્ય છે ?**

જ. ભગવાન અને ભગવાનના અવતારો અને ભગવાનની પ્રતિમા તે ધ્યાન કરવા યોગ્ય છે.

**પ્ર. ૧૩૦ કોણ ધ્યાન કરવા યોગ્ય નથી ?**

જ. ભગવાનની સાથે એકાત્મપણાને પામેલા હોવા છતાં પણ મનુષ્ય તથા દેવાદિક જીવો ધ્યાન કરવા યોગ્ય નથી.

**પ્ર. ૧૩૧ ગૃહસ્થ સત્સંગીઓએ કોનો સંગ્રહ કરવો ?**

www.jayswaminarayan.org

www.bhujmandir.org

જ. ગૃહસ્થ સત્સંગીઓએ પોતાના જીવન માટે અન્ન અને ધનનો સંગ્રહ તથા પશુઓ માટે ઘાસ ચારાનો સંગ્રહ કરવો.

**પ્ર. ૧૩૨ પોતાને ઘેર અતિથી આવે તો શું કરવું ?**

જ. પોતાને ઘેર અતિથી આવે ત્યારે અન્નાદિક વડે કરીને સંતોષ પમાડવો.

**પ્ર. ૧૩૩ કોનું દાન ન કરવું ?**

જ. પોતાની સ્ત્રીનું દાન ન કરવું.

**પ્ર. ૧૩૪ કોની સાથે કેવો વ્યવહાર કરવો ?**

જ. પોતાના પુત્ર કે મિત્ર તેની સાથે પણ પૃથ્વી ને ધનના લેવડ દેવડના પ્રસંગમાં સાક્ષી સહિત લેખીત વ્યવહાર કરવો.

**પ્ર. ૧૩૫ દૈવી, માનુષીય અને રોગાદિક આપત્તિ આવી પડે ત્યારે કેવી રીતે વર્તવું ?**

જ. દૈવી, માનુષીય અને રોગાદિક આપત્તિ આવી પડે ત્યારે પોતાની ને બીજાની રક્ષા થાય એ રીતે વર્તવું.

**પ્ર. ૧૩૬ કોની સાથે એકાંત સ્થળને વિષે ન રહેવું ?**

જ. પોતાની મા બહેન તથા દિકરી સાથે પણ એકાંત સ્થળને વિષે ન રહેવું.

**પ્ર. ૧૩૭ ગણપતિની પૂજા ક્યારે કરવી ?**

જ. ગણપતિની પૂજા ભાદરવા સુદી ચતુર્થીને દિવસે કરવી.

**પ્ર. ૧૩૮ હનુમાનજીની પૂજા ક્યારે કરવી ?**

જ. હનુમાનજીની પૂજા આસો વદી ચતુર્દશીને દિવસે કરવી.

**પ્ર. ૧૩૯ શ્રી મહાદેવજીનું પૂજન ક્યારે અને કેવી રીતે કરવું ?**

જ. શ્રી મહાદેવજીનું પૂજન શ્રાવણ માસમાં બીલ્વપત્રાદિકે કરીને કરવું.

**પ્ર. ૧૪૦ જંગમ તીર્થ કોને કહેવાય ?**

જ. જ્યાં ભગવાનના સંત તથા એકાંતિક ભક્તોજનો વિચરતા હોય તે જંગમ તીર્થ કહેવાય.

**પ્ર. ૧૪૧ સ્થાવર તીર્થ કોને કહેવાય ?**

જ. જ્યાં સ્નાન કરવાનું પવિત્ર સ્થળ હોય, દેવ દર્શન કરવા માટે પવિત્ર દેવ મંદિર હોય તેને સ્થાવર તીર્થ કહેવાય.

**પ્ર. ૧૪૨ નૈમિશારણ્ય તીર્થ કોને કહેવાય ?**

જ. જ્યાં ઈન્દ્રિયોની ધારા કુંઠીત થાય તે નૈમિશારણ્ય ક્ષેત્ર જાણવું.

**પ્ર. ૧૪૩ ગૃહસ્થોએ કેવી રીતે વ્યવહાર કરવો ?**

જ. ગૃહસ્થોએ આવક પ્રમાણે ખર્ચ કરવો અને તેનું રૂડા અક્ષરે નામું લખવું.

**પ્ર. ૧૪૪ ભગવાનના ભક્તોએ ધર્માદો કેટલો કાઢવો ?**

જ. ભગવાનના ભક્તોએ પોતાની ઉપજ (આવક) માંથી દશમો અથવા વીશમો ભાગ ધર્માદો કાઢવો.

**પ્ર. ૧૪૫ સુવાસિની બાઇઓના ધર્મ શું ?**

જ. સિવાસની બાઈઓના ધર્મ પોતાનો પતિ અંધ, રોગી, દરીદ્રી, નપુંસક હોય તો પણ ઈશ્વર બુદ્ધિથી સેવવો અને બીજો પુરષ રૂપવાન કે ગુણવાન હોય તો પણ તેનો સંગ ન કરવો. ને પોતાનાં અંગો દેખાય તેવાં વસ્ત્રો ન પહેરવાં, ભાંડ ભવાઈ જોવાં નહીં અને ખરાબ સ્ત્રીઓની સોબત ન કરવી.

**પ્ર. ૧૪૬ સુવાસિની સ્ત્રીઓનો પતિ પરદેશ ગયો હોય ત્યારે કેવી રીતે વર્તવું ?**

જ. સુવાસિની સ્ત્રીઓનો પતિ પરદેશ ગયો હોય ત્યારે શરીર ઉપર સારાં વસ્ત્રો ન પહેરવાં, અલંકારો ન પહેરવાં અને પારકે ઘેર બેસવા ન જવું ને હાસ્ય વિનોદાદિકનો ત્યાગ કરવો.

**પ્ર. ૧૪૭ વિધવા સ્ત્રીઓના ધર્મ શું છે ?**

જ. વિધવા સ્ત્રીઓએ પતિબુદ્ધિએ કરીને ભગવાનને સેવવા એજ ધર્મ છે.

**પ્ર. ૧૪૮ ત્રણ વર્ણોએ વિશેષપણે શું ન ખાવું અને ન પીવું ?**

જ. ત્રણ વર્ણોએ ડુંગળી, લસણ આદિક અભક્ષ્ય વસ્તુ ન ખાવી અને તેમજ ચર્મવારિ ન પીવું.

**પ્ર. ૧૪૯ આપણા વ્યવહારને માટે મંદિરમાંથી શું શું ન લાવવું ?**

જ. આપણા વ્યવહારને માટે મંદિરમાંથી રૂપિયા,વાસણ, દાગીના તથા વસ્ત્રો આદિક માગી લાવવાં નહી.

**પ્ર. ૧૫૦ ધનવાન પુરૂષોએ શું કરવું જોઇએ ?**

જ. ધનવાન પુરૂષોએ જેમાં હિંસા ન થાય તેવા યજ્ઞો કરવા તથા તીર્થો અને પર્વને વિષે સાધુ તથા બ્રાહ્મણને જમાડવા અને ભગવાનનાં મંદિરો કરાવવાં

www.jayswaminarayan.org

www.bhujmandir.org

તથા ભગવાનનાં મંદિરોમાં ઉત્સવો કરવા અને સુપાત્રને દાન દેવાં.

**પ્ર. ૧૫૧ પોતાના વતનનો ત્યાગ ક્યારે કરવો ?**

જ. જ્યાં પોતાની આજીવિકા ન ચાલતી હોય અથવા લજ્જા ધન કે પ્રાણનો નાશ થતો હોય, કે દુષ્કાળ, શત્રુ અને રાજાનો ઉપદ્રવ થાય ત્યારે વહાલા વતનનો પણ ત્યાગ કરવો.

**પ્ર. ૧૫૨ સંપ્રદાયિક ગ્રંથોનાં નામ આપો ?**

જ. સત્સંગિજીવન, શિક્ષાપત્રી, વચનામૃત, ભક્તચિંતામણી, નિષ્કુળાનંદ કાવ્ય, ઘનશ્યામલીલામૃતસાગર અને હરિલીલામૃત.

**પ્ર. ૧૫૩ ત્યાગીનાં વર્તમાન કેટલાં અને ક્યાં ક્યાં છે ?**

જ. ત્યાગીનાં વર્તમાન પાંચ છે. (૧) નિર્લોભ (૨) નિષ્કામ (૩) નિર્માન (૪) નિઃસ્વાદ (૫) નિઃસ્નેહ.

**પ્ર. ૧૫૪ ગૃહસ્થનાં વર્તમાન કેટલાં અને ક્યાં ક્યાં છે ?**

જ. ગૃહસ્થોનાં વર્તમાન પાંચ છે (૧) દારૂ (૨) માંસ (૩) ચોરી (૪) અવેરી ન કરવી (વ્યભિચાર) (૫) વટલવું નહીં અને વટલાવવું નહીં.

**પ્ર. ૧૫૫ સત્સંગી અને કુસંગીમાં શો ફેર છે ?અને સત્સંગી હોવા છતાં જો જંત્ર મંત્ર વગેરેમાં પ્રતીતિ કરે તેને કેવો જાણવો ?**

જ. કુસંગી હોય તેને તો કોઈ ધન દેનારો મળે કે દિકરો દેનારો મળે ત્યાં તરત પ્રતીતિ આવે અને ભગવાનના ભક્ત હોય તેને તો જંત્ર મંત્ર નાટક ચેટક વિગેરેમાં ક્યાંય પ્રતીતિ આવે જ નહિ અને જે હરિભક્ત હોય ને જંત્રમંત્રમાં પ્રતીતિ કરે તો તે સત્સંગી હોય તો પણ અર્ધો વિમુખ જાણવો.

**પ્ર. ૧૫૬ ભગવાનને જે નિરાકાર સમજે તેને કેવો જાણવો ?**

જ. ભગવાનને નિરાકાર સમજવા એતો પંચ મહાપાપ કરતાં અતિ મોટું પાપ છે અને તે પાપનું પ્રાયશ્ચિત પણ નથી કહ્યું તેથી તેને મહાઘોર પાપિષ્ટ જાણવો.

**પ્ર. ૧૫૭ સર્વે હરિભક્તોમાં અતિશેય મોટો હરિભક્ત ભગવાને કોને કહ્યો છે ?**

જ. જેવો જીવને માનમાં સ્વાદ છે તેવો કોઈ પદાર્થમાંથી સ્વાદ આવતો નથી માટે માનને તજીને જે ભગવાનને ભજે તેને તો સર્વે હરિભક્તમાં અતિશય મોટો કહ્યો છે.

**પ્ર. ૧૫૮ કળીનો નિવાસ શામાં રહેલો છે તે જણાવો ?**

જ. શ્રીમદ્ ભાગવત મુજબ સુવર્ણને વિષે કળીનો નિવાસ રહેલો છે.

**પ્ર. ૧૫૯ જેનું રૂડું થાય છે અને જેનું ભુંડું થાય છે તે સાથી થાય છે?**

જ. જેનું રૂડું થાય છે તે ભગવાનના ભક્તની સેવા કરવાથી થાય છે અને જેનું ખરાબ થાય છે તે ભગવાનના ભક્તનો દ્રોહ કરવાથી થાય છે.

**પ્ર. ૧૬૦ ધાર્મિક ઇમારતનો પાયો કયા કયા મુદા પર રચેલો છે ?**

જ. ધાર્મિક ઈમારતનો પાયો અહિંસા, બ્રહ્મચર્ય, વર્ણાશ્રમ અને સાકાર ઉપાસના એ ચાર મુદા પર રચેલો છે.

**પ્ર. ૧૬૧ સમગ્ર બ્રહ્માંડના નિયામક કોણ છે ?**

જ. સમગ્ર બ્રહ્માંડના નિયામક ભગવાન શ્રી સ્વામિનારાયણ છે.

**પ્ર. ૧૬૨ ભક્ત ઉપર ભગવાન ક્યારે રાજી થાય છે ?**

જ. ભગવાનની આજ્ઞા પાળે ત્યારે ભગવાન ભક્ત ઉપર રાજી થાય છે.

**પ્ર. ૧૬૩ કયા બે સાધનો દ્રઢપણે રાખવાં ?**

જ. આત્મનિષ્ઠા અને ભગવાનના મહાત્મ્યનું જ્ઞાન આ બે દ્રઢપણે રાખવાં.

**પ્ર. ૧૬૪ હરિભક્તોને મોટી ખોટ કઇ છે ?**

જ. ભગવાન પુરૂષોત્તમ નારાયણ મળ્યા છે ને અંતરમાં તેનો આઠે પહોર કેફ રહેતો નથી. જે હું પૂર્ણકામ થયો છું એવું સમજતો નથી એજ હરિભક્તને મોટી ખોટ છે.

**પ્ર. ૧૬૫ ભગવાનનું સ્વરૂપ કેવું છે ?**

જ. ભગવાનનું સ્વરૂપ તો માયા ને માયાના ગુણો થકી પર છે અને સર્વે વિકારે રહિત છે, અવિનાશી છે, ચૈતન્યમય છે.

**પ્ર. ૧૬૬ સ્ત્રી પુરૂષનો સહવાસ થાય તો પોતાનો ધર્મ સંચવાય કે કેમ ?**

જ. સ્ત્રી પુરૂષનો પરસ્પર સહવાસ થાય તો એનો ધર્મ કોઈ રીતે સંચવાય જ નહિ.

**પ્ર. ૧૬૭ કયા ગ્રંથ પોતાના સંપ્રદાયની પુષ્ટિ કરે છે ?**

જ. પોતાના ઈષ્ટદેવના જન્મથી આરંભીને દેહ મુકવા પર્યંતનાં ચરિત્રનું જે

www.jayswaminarayan.org

www.bhujmandir.org

શાસ્ત્ર તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે તે શાસ્ત્ર સંસ્કૃત હોય અથવા પ્રાકૃત હોય પણ તેજ ગ્રંથ સંપ્રદાયની પુષ્ટિ કરે છે.

**પ્ર. ૧૬૮ ભગવાનનો અનન્ય ભક્ત કોને કહેવાય ?**

જ. પ્રભુ સિવાય બીજાને સુખદાયક ન જાણે ને પ્રભુની મરજી હોય તે પ્રમાણે વર્તે તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય અને તેજ ભગવાનનો અનન્ય ભક્ત કહેવાય.

**પ્ર. ૧૬૯ માની હોય તેની ભક્તિ કેવી કહેવાય અને કેવા ભક્તને અસુર જાણવો ?**

જ. માની હોય તેની ભક્તિ આસુરી કહેવાય ને ભગવાનના ભક્તને જો ડરાવતો હોય ને તે પ્રભુનો ભક્ત હોય તો પણ તેને અસુર જાણવો.

**પ્ર. ૧૭૦ સર્વે સાધન કરતાં મોટું સાધન શું છે ?**

જ. સર્વે સાધન કરતાં વાસના ટાળવી એ મોટું સાધન છે.

**પ્ર. ૧૭૧ ભક્તને ભુંડાઘાટ માત્ર ક્યારે ટળી જાય છે ?**

જ. ભક્તને જ્યારે ભગવાનનો નિશ્ચય યથાર્થ થાય છે ને યથાર્થ મહિમા સમજાય છે ત્યારે તેને ભુંડાઘાટ માત્ર ટળી જાય છે.

**પ્ર. ૧૭૨ મનુષ્ય ધર્મમાંથી ક્યારે ડગતો નથી ?**

જ. જેને શાસ્ત્રના વચનનો વિશ્વાસ હોય અને ભગવાનના સ્વરૂપનો અડગ નિશ્ચય હોય તે ધર્મમાંથી કોઈ કાળે ડગતો નથી.

**પ્ર. ૧૭૩ મોહને ઉદય થવાનું કારણ શું છે ?**

જ. મોહને ઉદય થવાનું કારણ તે વિષયમાં આસક્તિ તે જ છે.

**પ્ર. ૧૭૪ સર્વે પાપમાં અતિ મોટું પાપ કયું છે ?**

જ. અનંત પ્રકારનાં પાપ છે પણ તે સર્વે પાપ થકી ભગવાનના ભક્તને ભગવાન વિના બીજે ઠેકાણે જે હેત કરવું તે અતિ મોટું પાપ છે.

**પ્ર. ૧૭૫ ઇન્દ્રિયો અને મન કયા સાધનોથી જીતાય છે ?**

જ. વૈરાગ્ય, સ્વધર્મ, તપ અને નિયમ એ ચાર સાધને કરીને ઈન્દ્રિયો જીતાય છે. અને ભગવાનની મહાત્મ્ય સહિત નવધા ભક્તિએ કરીને મન જીતાય છે.

**પ્ર. ૧૭૬ ભગવાનને શું શું નથી ગમતું ?**

જ. વ્યવહારિક કામ કરવાં હોય તેમાં લાજ તથા આળસ ન રાખે ને ભગવાનની વાર્તા કરવી, કથા કરવી, કીર્તન કરવાં તેમાં લાજ તથા આળસ રાખે તો તે ભગવાનને ન ગમે.

**પ્ર. ૧૭૭ જેને ભગવાનને પ્રસન્ન કરવા હોય તેને ભક્તિ કેવી કરવાની કહી છે?**

જ. જેને ભગવાનને રાજી કરવા હોય તેને તો લોક રીઝવવાને અર્થે તથા કોઈની સાથે ઈર્ષ્યાએ કરીને ભક્તિ ન કરવી, કેવળ પોતાના કલ્યાણને અર્થે જ કરવી. અને ભગવાન ત્યારે જ પ્રસન્ન થાય.

**પ્ર. ૧૭૮ આપણો દેહ કેટલા તત્ત્વનો છે ?**

જ. આપણો દેહ ચોવીશ (૨૪) તત્ત્વનો છે.

**પ્ર. ૧૭૯ દેહમાં રહેલ ચોવીશ તત્ત્વ તે સમજાવો ?**

જ. પંચભૂત, પંચપ્રાણ, દશ ઈન્દ્રિયો, ચાર અંતઃકરણ આ રીતે દેહમાં ચોવીશ તત્ત્વો રહેલાં છે.

**પ્ર. ૧૮૦ પંચભૂત શું છે ?**

જ. પંચભૂતમાં (૧) પૃથ્વી (૨) જળ (૩) તેજ (૪) વાયુ (૫) આકાશ છે.

**પ્ર. ૧૮૧ પૃથ્વી તત્ત્વમાં શું છે ?**

જ. પૃથ્વી તત્ત્વમાં હાડકાં, માંસ, નાડી, ત્વચા અને રોમ છે.

**પ્ર. ૧૮૨ જળ તત્ત્વમાં શું છે ?**

જ. જળ તત્ત્વમાં લોહી , વીર્ય, મૂત્ર, પરસેવો અને લાળ છે.

**પ્ર. ૧૮૩ તેજ તત્ત્વમાં શું છે?**

જ. તેજ તત્ત્વમાં આળસ, કાન્તિ, ભુખ,તરસ અને નિદ્રા છે.

**પ્ર. ૧૮૪ વાયુ તત્ત્વમાં શું છે ?**

જ. વાયુ તત્ત્વમાં સંકોચ, ચલન,ઉત્ક્રમણ, ધાવન અને પ્રસારણ છે.

**પ્ર. ૧૮૫ આકાશ તત્ત્વમાં શું છે ?**

જ. આકાશ તત્ત્વમાં કાયાકાશ, ઉદરાકાશ, હૃદયાકાશ, કંઠાકાશ અને શિરાકાશ છે.

**પ્ર. ૧૮૬ પંચપ્રાણનાં નામ આપો ?**

જ. પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન આ પંચ પ્રાણનાં નામ છે.

www.jayswaminarayan.org

www.bhujmandir.org

**પ્ર. ૧૮૭ દશ ઇન્દ્રિયો કોને કહેવાય ?**
જ. પંચ જ્ઞાન ઈન્દ્રિયો અને પંચ કર્મ ઈન્દ્રિયોને.
**પ્ર. ૧૮૮ પંચ જ્ઞાન ઇન્દ્રિયોનાં નામ આપો ?**
જ. શ્રોત્ર, ત્વક્ ,ચક્ષુ ,રસના અને ઘ્રાણ આ પાંચ જ્ઞાન ઈન્દ્રિયોનાં નામ છે.
**પ્ર. ૧૮૯ પંચ કર્મ ઇન્દ્રિયોનાં નામ આપો ?**
જ. વાક્ ,પાણી, પાદ, પાયુ, ઉપસ્થ આ પંચ કર્મ ઈન્દ્રિયોનાં નામ છે.
**પ્ર. ૧૯૦ દેહ કેટલા છે ? તેનાં નામ શું ?**
જ. દેહ ત્રણ છે તેનાં નામ (૧) સ્થૂલ (૨) સૂક્ષ્મ અને (૩) કારણ.
**પ્ર. ૧૯૧ અવસ્થાઓ કેટલી છે ? તેનાં નામ આપો ?**
જ. અવસ્થાઓ ત્રણ છે જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ.
**પ્ર. ૧૯૨ વર્ણ કેટલા છે ? તેનાં નામ આપો ?**
જ. વર્ણ ચાર છે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર.
**પ્ર. ૧૯૩ આશ્રમ કેટલા છે ? તેનાં નામ આપો ?**
જ. આશ્રમ ચાર છે બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સન્યાસાશ્રમ.
**પ્ર. ૧૯૪ મુક્તિ એટલે શું ?**
જ. બ્રહ્મરૂપે કરીને ભગવનની સેવા કરવી તેને મુક્તિ જાણવી.
**પ્ર. ૧૯૫ મુક્તિના કેટલા પ્રકાર છે ?**
જ. મુક્તિના ચાર પ્રકાર છે, સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય અને ચોથી સારૂપ્ય.
**પ્ર. ૧૯૬ ભગવાનનું વ્યતિરેકપણું કેમ સમજવું ?**
જ. અક્ષરબ્રહ્મ, ઈશ્વર, જીવ અને માયા એ સર્વેથી પૃથકપણે પોતાના ધામમાં જે બ્રહ્મજ્યોતિને વિષે રહ્યા છે એમ જે કહેવું તે ભગવાનનું વ્યતિરેકપણું છે.
**પ્ર. ૧૯૭ ભગવાનનું અન્વયપણું કેમ સમજવું ?**
જ. અક્ષરબ્રહ્મ, ઈશ્વર, જીવ, અને માયા એ સર્વેમાં અંતર્યામી-પણે રહ્યા છે એમ જે સમજવું તે ભગવાનનું અન્વયપણું છે.
**પ્ર. ૧૯૮ સત્સંગી કોને કહેવાય ?**
જ. સત્શબ્દથી કહેલા ભગવાન, સાધુ, ધર્મ અને સત્શાસ્ત્ર આ ચારનો સંગ કરે તેને સત્સંગી કહેવાય.
**પ્ર. ૧૯૯ પૃથ્વી નીચેના સાત લોકનાં નામ આપો ?**
જ. અતળ, વિતળ, સુતળ, તળાતળ, મહાતળ, રસાતળ અને પાતાળ એ સાત નીચેના લોક છે.
**પ્ર. ૨૦૦ પૃથ્વી ઉપરના સાત લોકનાં નામ કહો ?**
જ. આ પૃથ્વી તે ભુલોક, ભુવરલોક, સ્વર્ગલોક, મહરલોક, જનલોક તપલોક અને સત્યલોક આ સાત ઉપરના લોક છે.
**પ્ર. ૨૦૧ ચૌદ લોકનાં બ્રહ્માંડને અષ્ટ આવરણ છે. તે આવરણનાં નામ કહો ?**
જ. પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહતત્ત્વ અને પ્રકૃતિ એ આઠ આવરણ છે.
**પ્ર. ૨૦૨ વેદ કેટલા અને કયા ?**
જ. વેદ ચાર છે. ઋગવેદ, સામવેદ, યજુર્વેદ, અને અથર્વવેદ.
**પ્ર. ૨૦૩ ભગવાનના અવતાર કેટલા પ્રકારના શાસ્ત્રમાં કહ્યા છે તે કહો?**
જ. ભગવાનના અવતાર શાસ્ત્રમાં છ પ્રકારના કહ્યા છે.
**પ્ર. ૨૦૪ તે છ પ્રકારના અવતારનાં નામ કહો ?**
જ. (૧)અંશાંશ અવતાર(૨)અંશ અવતાર(૩)કલા અવતાર(૪) આવેશ અવતાર (૫) પૂર્ણ અવતાર (૬) પરિપૂર્ણ અવતાર.
**પ્ર. ૨૦૫ ભગવાનને અવતાર ધર્યાનું પ્રયોજન શું છે ?**
જ. ભગવાનને અવતાર ધર્યાનું પ્રયોજન તો એ છે કે ભાગવત ધર્મનું સ્થાપન કરવું તથા પોતાના પ્રેમી ભક્તોના મનોરથ પૂર્ણ કરવા તથા સત્પુરૂષોનું રક્ષણ કરવું તથા અસુરોનો નાશ કરવો એજ પ્રયોજન છે.
**પ્ર. ૨૦૬ ભગવાન કેટલા યુગમાં અવતાર ધારણ કરે છે ?**
જ. ભગવાન ચારે યુગમાં અવતાર ધારણ કરે છે.
**પ્ર. ૨૦૭ ભગવાન આપણા આત્મામાં ક્યારે દેખાય છે ?**
જ. આપણો આત્મા જ્યારે કામ-ક્રોધ-લોભ આદિ અંતઃશત્રુઓથી રહિત

www.jayswaminarayan.org

www.bhujmandir.org

થઈ શુદ્ધ થાય ત્યારે આત્મામાં ભગવાન દેખાય છે.

**પ્ર. ૨૦૮ કામાદિક અંતઃશત્રુઓનો નાશ ક્યારે થાય ?**

જ. ભગવાનનો જ્યારે સંપૂર્ણ પણે મહિમા સમજાય છે ત્યારે અંતઃશત્રુઓનો નાશ થાય છે.

**પ્ર. ૨૦૯ પુરૂષોત્તમની ઉપાસના કરવી કહી છે તે કેમ સમજવી ?**

જ. શ્રી સ્વામિનારાયણ ભગવાન સદા દિવ્ય મૂર્તિ છે એમ દઢતા કરી સ્વામી સેવક ભાવે અખંડ ચિંતવન કરવું તે ઉપાસના કહેવાય.

**પ્ર. ૨૧૦ બ્રહ્માનો એક દિવસ ક્યારે થાય ?**

જ. ચાર યુગ હજાર વાર જાય ત્યારે બ્રહ્માનો એક દિવસ (તેંતાલીશ લાખ વીસ હજાર વર્ષ જાય ત્યારે ચાર યુગ પૂરા થાય છે તે ચોકડી કહેવાય છે. ) આપણા વર્ષ આઠ અબજ ને ચોસઠ કરોડ થાય ત્યારે બ્રહ્માનો એક દિવસ થાય.

**પ્ર. ૨૧૧ ચોર્યાસી લાખ યોનિના નિયમ સમજાવો ?**

જ. મનુષ્ય જાતિમાં :- ચાર લાખ પ્રકારના જન્મો છે.
કીટાદિકમાં :- અગિયાર લાખ પ્રકારના જન્મો થાય છે.
સ્થાવર જાતિમાં :- વીસ લાખ પ્રકારના જન્મો થાય છે.
પશુ જાતિમાં :- ત્રીસ લાખ પ્રકારના જન્મો થાય છે.
પક્ષી જાતિમાં :- દસ લાખ પ્રકારના જન્મો થાય છે.
જળ જાતિમાં :- નવ લાખ પ્રકારના જન્મો થાય છે.
કુલ્લ ચોર્યાશી લાખ પ્રકારના જન્મો થાય છે.

**પ્ર. ૨૧૨ તિલક અને ચાંદલાનો અર્થ સમજાવો ?**

જ. તિલક એ નારાયણનું ચિહ્ન છે અને ગોળ ચાંદલો તે લક્ષ્મીજીનું ચિહ્ન છે તેથી શાસ્ત્રોમાં ઘણું મહત્વ બતાવ્યું છે.

**પ્ર. ૨૧૩ બેવડી કંઠી પહેરવાનો અર્થ શું ?**

જ. આપણી યુગલ ઉપાસના હોવાથી બેવડી કંઠી પહેરવાનું શાસ્ત્રોમાં ઘણું મહત્વ કહ્યું છે.

**પ્ર. ૨૧૪ વ્યાસ મુનિએ રચેલા પુરાણોની સંખ્યા કેટલી છે ?**

જ. વ્યાસમુનિએ રચેલા પુરાણોની સંખ્યા (૧૮) અઢાર છે.

**પ્ર. ૨૧૫ સંવત્ ૧૮૫૭માં શ્રી સ્વામિનારાયણ ભગવાને કયા ગામમાં સ્ત્રી પુરૂષોની જુદી સભાની શરૂઆત કરી ?**

જ. શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રથમ લોજ ગામમાં સ્ત્રી પુરૂષોની જુદી સભાની શરૂઆત કરી.

**પ્ર. ૨૧૬ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રથમ આરતી કોને અને ક્યાં બનાવી ?**

જ. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રથમ આરતી “જય સદ્‌ગુરુ સ્વામી સહજાનંદ દયાળુ” એવા પદની મુક્તાનંદ સ્વામીએ કાલવાણીમાં બનાવી.

**પ્ર. ૨૧૭ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સમકાલીન સમયમાં અગ્રગણ્ય કેટલા પરમહંસો હતા ?**

જ. શ્રી સ્વામિનારાયણ ભગવાનના સમકાલીનસમયમાં અગ્રગણ્ય ૫૦૦ પરમહંસો હતા.

**પ્ર. ૨૧૮ શ્રી સ્વામિનારાયણ ભગવાનના શરીર પર મુખ્ય કેટલા તિલ હતા ?**

જ. શ્રી સ્વામિનારાયણ ભગવાનના શરીર પર મુખ્ય ૬૩ તિલ હતા.

**પ્ર. ૨૧૯ ભક્તિ સાથે ધર્મ ક્યાં નિવાસ કરે છે ?**

જ. પવિત્ર દેશ, પવિત્ર કાળ, પવિત્ર ક્રિયા, સત્પુરૂષોનો સંગ, સન્મંત્ર દિક્ષા, સત્શાસ્ત્રોનું વાંચન આ જ્યાં દેખાય છે ત્યાં ભક્તિની સાથે ધર્મ નિવાસ કરીને રહે છે.

**પ્ર. ૨૨૦ ક્રોધ શામાંથી ઉત્પન્ન થાય છે ?**

જ. પોતાને જે પદાર્થની કામના હોય તથા જેમાં પોતે મમત્વ બાંધ્યો હોય ને તેનો કોઈ ભંગ કરે ત્યારે તેને તેમાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે.

**પ્ર. ૨૨૧ વાસનાનું રૂપ શું છે ?**

જ. પૂર્વે જે જે વિષય ભોગવ્યા હોય અથવા સાંભળ્યા હોય તેની અંતઃકરણમાં જે ઈચ્છા વર્તે તેને વાસના કહીએ.

**પ્ર. ૨૨૨ મનુષ્યના જીવનમાં દુઃખ દેવાવાળું કોણ છે ?**

જ. મનુષ્યના જીવનમાં દુઃખ દેનાર કામવાસના, રસાસ્વાદ, સ્નેહ, માન અને લોભ છે.

www.jayswaminarayan.org

www.bhujmandir.org

www.jayswaminarayan.org

**પ્ર. ૨૨૩ વાસ્તવિક સાચું સુખ શું છે ?**

જ. સર્વે સુખનાનિધિ આનંદસ્વરૂપ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપમાં તન્મય રહેવું તેજ સાચું સુખ છે.

**પ્ર. ૨૨૪ મનુષ્યે ત્યાગ કરવા યોગ્ય શું છે ?**

જ. કામ, ક્રોધ, મોહ, લોભ, દંભ, માન, મદ, મત્સર, ઈર્ષ્યા વગેરે.

**પ્ર. ૨૨૫ આસુરી બુદ્ધિ ન થાય તેનો ઉપાય શું છે ?**

જ. એક તો ક્રોધ, બીજું માન, ત્રીજી ઈર્ષ્યા, ચોથું કપટ એ ચારવાનાં પરમેશ્વર સાથે તથા સંત સાથે રાખે નહીં તો કોઈ દિવસ એની આસુરી બુદ્ધિ ન થાય.

**પ્ર. ૨૨૬ નિષ્કામ ભક્ત કોને કહેવાય ?**

જ. શ્રી હરિ સિવાય ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ચતુર્વર્ગને ક્યારેય ન ઈચ્છે તે નિષ્કામ ભક્ત કહેવાય.

**પ્ર. ૨૨૭ અવગુણ ન આવવાનો ઉપાય શો છે ?**

જ. જેને ભગવાનનો દૃઢ નિશ્ચય હોય તો તેને કોઈ રીતે ભગવાનને વિષે દોષ બુદ્ધિ આવે નહીં અને એવા મોટા જે ભગવાન તેના દાસનો મહિમા વિચારે ત્યારે ભગવાનના ભક્તનો કોઈ પણ રીતે અવગુણ આવે નહીં.

**પ્ર. ૨૨૮ કોનો કોનો દ્રોહ ન કરવો ?**

જ. એક ભગવાન,બીજા ભગવાનના ભક્ત,ત્રીજા બ્રાહ્મણ અને ચોથા કોઈ ગરીબ એ ચારનો દ્રોહ ન કરવો.

**પ્ર. ૨૨૯ ભગવાન કયે પ્રકારે રાજી થાય છે ?**

જ. ભગવાનનો દ્રોહ ન કરીએ તો ભગવાન રાજી થાય અને ભગવાનને જગતના કર્તા હર્તા જાણે અને મૂર્તિમાન જાણે તેની ઉપર જ ભગવાન રાજી થાય છે.

**પ્ર. ૨૩૦ શ્રી સ્વામિનારાયણ ભગવાન જ્યારે સભામાંથી ઉઠતા ત્યારે શું બોલતા ?**

જ. શ્રી સ્વામિનારાયણ ભગવાન જ્યારે સભામાંથી ઉઠતા ત્યારે જય સચ્ચિદાનંદ અથવા જય સ્વામિનારાયણ એમ કહીને સાધુને નમસ્કાર કરીને સભામાંથી ઉઠવાનો સ્વભાવ હતો.

**પ્ર. ૨૩૧ સંતને મંદવાડ કેમ નડે છે ?**

જ. સંતને લગારેક દેહાભિમાન હોય તે મંદવાડે કરીને ટળે તે સારૂં શ્રીજી મહારાજ મંદવાડ આપે છે.

**પ્ર. ૨૩૨ કળીયુગ વિષે પણ સત્યુગ થાય એ કેમ જણાય ?**

જ. ઘણા મનુષ્ય ભગવાનના એકાંતિક ભક્ત થાય ત્યારે જાણવું કે કળિયુગમાં સત્યુગ છે.

**પ્ર. ૨૩૩ ચાર પ્રકારના ભક્તમાં જ્ઞાનીને અધિક કેમ કહ્યો છે ?**

જ. જ્ઞાની છે તે તો બ્રહ્મસ્વરૂપે વર્તે છે અને ભગવાનનો યથાર્થ મહિમા જાણે છે. માટે જ્ઞાનીને અધિક કહ્યો છે.

**પ્ર. ૨૩૪ સર્વે ઇન્દ્રિયોમાંથી એકને પરિપક્વ જીતે ત્યારે સર્વે ઇન્દ્રિયો જીતાય એવી કઇ ઇન્દ્રિય છે ?**

જ. રસના ઈન્દ્રિયને જીતે તો સર્વે ઈન્દ્રિયો જીતાય.

**પ્ર. ૨૩૫ ભગવાનના આચરણ પ્રમાણે આચરણ કરનાર જીવને કેવો જાણવો ?**

જ. ભગવાને કરેલા આચરણ પ્રમાણે અનુસરનારને શાસ્ત્રમાં વિમુખ કહ્યો છે. અને તે નરકી થાય છે.

**પ્ર. ૨૩૬ નવ યોગેશ્વરનાં નામ આપો ?**

જ. (૧) ચમસ (૨) કવિ (૩) અંતરિક્ષ (૪) હરિ (૫) પ્રબુદ્ધ (૬)પિપલ્લાયન (૭)કરભાજન (૮)અગ્નિહોત્ર (૯)દ્રુમિલ.

**પ્ર. ૨૩૭ આઠ સિદ્ધિઓનાં નામ આપો ?**

જ. (૧) અણીમા (૨) મહિમા (૩) ગરીમા (૪) લઘીમા (૫) પ્રાપ્તિ (૬) ઈશિતા (૭) વસિતા (૮) પ્રાકામ્ય.

**પ્ર. ૨૩૮ અષ્ટાંગ યોગનાં નામ આપો ?**

જ. (૧) યમ (૨) નિયમ (૩) આસન (૪) પ્રાણાયામ (૫) પ્રત્યાહાર (૬) ધારણા (૭) ધ્યાન (૮) સમાધિ.

**પ્ર. ૨૩૯ સાષ્ટાંગ પ્રણામનાં નામ આપો ?**

જ. (૧) પગ (૨) હાથ (૩) ઢીંચણ (૪) હૃદય (૫) મસ્તક (૬) દૃષ્ટિ (૭) મન (૮) વાણી.

www.bhujmandir.org

**પ્ર. ૨૪૦ પંચાંગ પ્રણામનાં નામ આપો ?**

જ. (૧) હાથ (૨) મસ્તક (૩) દ્દષ્ટી (૪) મન (૫) વાણી.

**પ્ર. ૨૪૧ સપ્તર્ષિનાં નામ આપો ?**

જ. ૧ મરીચિ ૨ અંગિરા ૩ પુલસ્ત્ય ૪ ક્રતુ ૫ પુલહ ૬ વસિષ્ઠ ૭ અત્રિ.

**પ્ર. ૨૪૨ વેદનાં છ અંગ બતાવો ?**

જ. શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છંદ, જ્યોતિષ, નિરૂક્ત.

**પ્ર. ૨૪૩ સત્સંગના છ અંગનાં નામ આપો ?**

જ. દેવ, મંદિર, શાસ્ત્ર, આચાર્ય, સંત, સત્સંગી.

**પ્ર. ૨૪૪ છ ઋતુનાં નામ આપો ?**

જ. વસંત, ગ્રીષ્મ, પ્રાવૃટ્, શરદ, હેમંત, શિશિર.

**પ્ર. ૨૪૫ છ પ્રકારના રસનાં નામ આપો ?**

જ. કળવો, તીખો, મીઠો, તુરો, ખાટો, ખારો.

**પ્ર. ૨૪૬ છ પ્રકારની ઉર્મિનાં નામ આપો ?**

જ. ક્ષુધા, પિપાસા, શોક, મોહ, જરા, મૃત્યુ.

**પ્ર. ૨૪૭ પંચામૃતનાં નામ આપો ?**

જ. દુધ, દહીં, ઘી, મધ અને સાકર.

**પ્ર. ૨૪૮ કઇ પાંચ વસ્તુ ઝેર જેવી છે ?**

જ. પાપનો પૈસો, ધર્માદાનો પૈસો, થાપણનો પૈસો, વિધવાનો પૈસો અને દીકરીનો પૈસો.

**પ્ર. ૨૪૯ પાંચ આરતીનાં નામ આપો ?**

જ. મંગળા, શૃંગાર, રાજભોગ, સંધ્યા અને શયન.

**પ્ર. ૨૫૦ પાંચ મહા પાપનાં નામ આપો ?**

જ. બ્રહ્મહત્યા, મદ્યપાન, બ્રાહ્મણના સુવર્ણની ચોરી, ગુરુસ્ત્રીનો સંગ અને તે ચારનો સંગી.

**પ્ર. ૨૫૧ ચાર પ્રકારની વાણીનાં નામ આપો ?**

જ. પરા, પશ્યંતિ, મધ્યમા અને વૈખરી.

**પ્ર. ૨૫૨ ચાર પ્રકારના સંતનાં નામ આપો ?**

જ. દીવા જેવા, મશાલ જેવા, વિજળી જેવા અને વડવાનલ જેવા.

**પ્ર. ૨૫૩ ચાર ધામનાં નામ આપો ?**

જ. દ્વારકા પશ્ચિમમાં, જગન્નાથ પૂર્વમાં, રામેશ્વર દક્ષિણમાં અને બદ્રીનાથ ઉત્તરમાં.

**પ્ર. ૨૫૪ ભગવાનના આયુધનાં નામ આપો ?**

જ. શંખ, ચક્ર, ગદા અને પદ્મ.

**પ્ર. ૨૫૫ ચાર પ્રકારના કુસંગનાં નામ આપો ?**

જ. કુડાપંથી, શક્તિપંથી, શુષ્ક વેદાંતી અને નાસ્તિક.

**પ્ર. ૨૫૬ ત્રણ નરકના દ્વારનાં નામ આપો ?**

જ. કામ, ક્રોધ, અને લોભ.

**પ્ર. ૨૫૭ ત્રણ પ્રકારના આયુધો બતાવો ?**

જ. ધાર, અણી અને ધુબાકો આ ત્રણ પ્રકારના આયુધો છે.

**પ્ર. ૨૫૮ ત્રણ પ્રકારના પશુઓ બતાવો ?**

જ. નોર, ખરી અને ડાબલો આ ત્રણ પ્રકારનાં પશુઓ છે.

**પ્ર. ૨૫૯ ત્રણ પ્રકારનાં ધાન્યનાં નામ આપો ?**

જ. શીંગ, શરાળી અને પોપટો આત્રણ પ્રકારનાં ધાન્ય છે.

**પ્ર. ૨૬૦ ત્રણ કાળનાં નામ આપો ?**

જ. ભૂતકાળ, ભવિષ્ય કાળ અને વર્તમાન કાળ.

**પ્ર. ૨૬૧ સત્સંગની બે પાંખો કઇ ?**

જ. આજ્ઞા અને ઉપાસના આ બે સત્સંગની પાંખો છે.

**પ્ર. ૨૬૨ શ્રી સ્વામિનારાયણ ભગવાનના જમણા ચરણનાં તથા ડાબા ચરણનાં ચિહ્નો ઓળખાવો ?**

જ. જમણા ચરણમાં :- સ્વસ્તિક, અષ્ટકોણ, અંકુશ, કેતુ, પદ્મ, જંબુફળ, વજ, જવ, અને ઉર્ધ્વરેખા.

ડાબા ચરણમાં :- મીન, ત્રીકોણ, ગોપદ, ધનુષ, વ્યોમ, અર્ધચંદ્ર અને કળશ.

**પ્ર. ૨૬૩ સત્ય વચન ક્યારે ન બોલવું ?**

જ. જ્યારે પોતાનો તથા પારકો દ્રોહ થાય ત્યારે સત્ય વચન પણ ન બોલવું.

**-: સમાપ્ત :-**

www.jayswaminarayan.org